## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

ખંખેરી ફેંકી દે વૃક્ષ પાંદડા, ના કદી થડ;
રૂઢિઓ ખરતી રુક્ષ, ટકી રહે સંસ્કૃતિવડ.
- ઉમાશંકર જોષી.

### પાથેય

- રમેશ ઠક્કર

## સંસ્કૃતિ ચિંતન

માણસના સ્વભાવમાં જે જન્મજાત પ્રવૃત્તિઓ રહેલી છે એ એની પ્રકૃતિ.અને એના જીવનની વ્યકિતગત કે સામુદાયિક ઉન્નતિ માટે પ્રકૃતિમાં જે જે સુધારા કરીએ છીએ એ સંસ્કૃતિ..આ એક અદ્ભુત વિકાસકર્મ છે. જગતમાં અનેક પ્રાણીઓ છે..પરંતુ સંસ્કૃતિ ફકત માનવ સભ્યતાની જ હોય છે..એના વિકાસ અને જતન માટેની મથામણ એ જ માનવ જાતનો ઈતિહાસ છે..દરેક યુગમાં એના વિશે અવનવું ચિંતન થતું રહે છે..અનેક વિચારકોએ એમાં પ્રદાન કર્યું છે...સુરેશ જોષીના શબ્દો જુઓ..

‘હું જાણું છું કે આ ઊડવાના દિવસો નથી.આપણે કોઈ પંખી કે પશુ થોડા જ છીએ ? આપણે તો નિયમ નિયંત્રણને વશવર્તીને જીવવાનું હોય.આ નિયમનિયંત્રણ જ આપણી સંસ્કૃતિની વિશિષ્ટતા છે.વધારે ઝડપથી દોડવું હોય તો અમુક નિયંત્રણો સ્વીકારવાં જ પડે.આપણી સંસ્કૃતિ હવે હરણફાળ ભરવા ઈચ્છે છે માટે નિયંત્રણો પણ વધવાં જ જોઈએ.દરેક સંસ્કૃતિ એક તપ છે.તપમાં જ સંયમનિયમનો ભારે મહિમા હોય છે.તપ એકાંતમાં એક વ્યકિત કરે એવી પ્રાચીન પ્રણાલીને વળગી રહેવાની જરૂર નથી.હવે સામૂહિક કે પ્રજાકીય તપનો યુગ આવ્યો છે...’

કેટલી સરસ વાત છે ! સંસ્કૃતિ એક સાધના છે.લાંબો અને સવિસ્તર પટ છે.એના વહેણમાં જાતજાતના પ્રવાહો ભળતા રહે છે..એના કિનારે અવનવું જીવન વિકસતું જાય છે.અને જે આકાર પામે છે એ માનવજીવનનો દસ્તાવેજ એટલે કે સંસ્કૃતિ હોય છે.માણસનું મૂલ્ય મુખ્યત્વે ત્રણ બાબતોના આધારે થાય છે..સૌ પ્રથમ એની મુલવણી નૈતિક આધારોથી થતી રહે છે..કોઈનું બુરૂં ના કરવું,સંયમપૂર્વક રહેવું,સાદગી સ્વચ્છતા વગેરે..એ પછી આવે છે પુરૂષાર્થ.સતત મહેનત કરવી બીજાને મદદરૂપ થવું કે સાધનોનો ઉત્તમ ઉપયોગ કરી ભાવિ પેઢી માટેનો રસ્તો તૈયાર કરવો એ હોઈ શકે.આ બંને પછી માણસ માટે મહત્વનું જે પરિબળ છે એ છે જ્ઞાનોપાસના.એમાં સત્યની સાધના કરવી કે નવી નવી જાણકારી માટેની તાલાવેલી છે આ ત્રણેય બાબતો સમતોલ અને સપ્રમાણ સંસ્કૃતિ માટે પાયાનાં પરિબળો છે.

સામાન્ય રીતે આપણે કલા સંગીત શિલ્પ નૃત્ય ઉત્સવો કે વૈભવ વારસાને જ સંસ્કૃતિ માની લઈએ છીએ.હકિકતમાં માણસની સમગ્ર પ્રકૃતિ અને એનાં તમામ અંગોમાં પોતાના પ્રયત્નો થકી એ જે કંઈ નવું ઉમેરી સુધારો કરે છે એ તમામ સંસ્કૃતિનો પણ હિસ્સો બની જાય છે.સુધારામાં સતત શું કરતા રહેવું અને એ પછી શું કરવું એનો ક્રમ પણ વિચારવાનો હોય છે. માણસને પોતાનો ભૂતકાળ ગમતો હોય છે..પોતાના વડવાઓ કયાંથી આવ્યા ? એની જીવનશૈલી, પોતાની ભાષા કે રીતરિવાજો કઈ રીતે ઘડાયા એ જાણવાની તાલાવેલી એને હંમેશાં હોય છે..સતત નવું જાણવાની અને નવું કરતા જવાની મનુષ્યમાત્રની નિયતિ છે..એના એ પ્રયાસોને જે આલેખ રચાય છે એ એની વિરાસત બની જાય છે..માણસને એનું ગૌરવ થતું રહે છે.જગતમ્ દરેક પ્રજા પોતાના સંસ્કાર કે સંસ્કૃતિને જ આગવી અને મહાન ગણતી રહે છે એમાં જયાં સુધી કોઈ ગૌરવ કે સ્વાભિમાન હોય ત્યાં સુધી એ ઠીક છે પરંતુ એમાં જયારે અહમ કે જડતા આવે છે ત્યારે એ મિથ્યાભિમાન બની જાય છે..અન્યની રીતભાત કે માન્યતાઓનો આદર કરી એને સમજવાની મથામણ કરવી એ પણ જગતની વ્યાપક સંસ્કૃતિને સમજવા માટેની આવશ્યક શરત છે.

# માનવજીવનની શાશ્વત ટ્રેજેડીનું વરવું સત્ય

**તંત્રીસ્થાનેથી...**

આખરે યુક્રેન કયારેક તો રશિયા જેવી રાક્ષસી તાકાત સામે ઘૂંટણિયે પડશે જ, એવી કલ્પના કીવ પર રશિયન સેનાનો કબજો થતાં સાકાર થઈ શકે છે. જો કે કલાકોમાં કીવ કબજે કરવાની પુતિનની સંકલ્પનાને દિવસેલગી ઝીંક ઝીલી યુક્રેનની પ્રમાણમાં ઘણી નાની સેના અને બહાદુર પ્રજાએ ખોટી પાડી બતાવી હતી એની ઈતિહાસ નોંધ લેશે. યુક્રેનને આઝાદીના મુદ્દે શહીદી વહોરતા રાષ્ટ્ર તરીકે પણ યાદ રાખવું પડશે. પુતિન ભલે દેખાવે રૂડારૂપાળા લાગતા હોય પણ એમની સત્તાલાલસા અને યુક્રેનને હસ્તગત કરી લેવાની જીદ પાછળ એમણે આખી દુનિયાના સૌથી ક્રૂર રાજનેતા તરીકેની ઈમેજ ખડકી દીધી છે. ખુદ રશિયન ઉદ્યોગપતિએ એમના માથા પર ઈનામ જાહેર કર્યું છે. અમેરિકા એમને યુદ્ધકેદી તરીકે પકડીને સજા કરાવે એવી માગણીઓ બુલંદ થઈ રહી છે. દરમિયાન અત્યંત ભાવુક નિવેદનો કરી કરી અત્યાર સુધી યુક્રેનની પ્રજાનું અને સેનાનું મનોબળ ટકાવી રાખવામાં કેન્દ્ર સ્થાને રહેલ રાષ્ટ્રપ્રમુખને જીવ બચાવીને પોલેન્ડમાં આશ્રય લેવો પડ્યો છે. બાઈડને તો ઘણી વહેલી ઓફર કરી હતી પણ ત્યારે એ ફોર્મમાં હતા. અફઘાનિસ્તાનના તત્કાલીન શાસક વેળાસર કાબુલ છોડીને ભાગ્યા ન હોત તો તાલિબાને એમના શિરચ્છેદ જ કર્યો હોત. અહીં પણ યુક્રેનના શાસકની હત્યાનું ષડયંત્ર રચાઈ ચૂકયુ ંહતું. ખુદ પુતિનના યુદ્ધ ઉન્માદના વિરોધી રશિયન જાસૂસી તંત્રે જ આ માહિતી લીક કરી અને રાષ્ટ્રપતિ ઝેલેન્સકી બચી ગયા. કહેવત છે કે જાન હૈ તો જહાન હૈ. ઝેલેન્સ્કીએ કોમેડી કલાકારથી લઈ યુક્રેનના રાષ્ટ્રપતિ સુધીની કરેલી યાત્રા હવે નવા પડકાર પર પહોંચી છે. એ સાચું કે અમેરિકા અને ‘નાટો’ સંગઠનના ભરોસાની ભેંસે પાડો જણ્યો છે. ફક્ત આક્રમક દેશ પર પ્રતબિંધો લાદીને કે વગર વાંકે ભોગ બનેલા દેશને હથિયારો અને નાણં પૂરા પાડીને આ મહાજનમંડળી તીરે ઊભી તમાશો જ જોતી રહી. યુક્રેનનાં શહેરો એક પછી એક ધ્વસ્ત થતાં રહ્યાં. નાગરિકો જીવ બચાવવા પાડોશી દેશો તરફ હિજરત કરી ગયા. વિદેશી પ્રવાસીઓ, નાગરિકો અને વિદ્યાર્થીઓ માટે નરકયાતના જેવી કફોડી સ્થિતિ સરજાઈ. યુક્રેન સેના આવા વિદેશી મૂળના નાગરિકો અને ભારતીય વિદ્યાર્થીઓનો રક્ષણાત્મક ઢાલ તરીકે ઉપયોગ કરતી હોવાનો આક્ષેપ ખુદ પુતિને એમના ભારતીય સમોવડિયા સમક્ષ કરેલો જેમાં તથ્ય હોવાનું પુરવાર થયું છે. યુદ્ધ વખતે બધું જ ‘ફેર’ એટલે કે નૈતિક ગણાય છે. મુદ્દો જીવવાનો અને જીતવાનો રહે છે. યુક્રેનને મોટી આશા ‘નાટો’ અને યુરોપિયન રાષ્ટ્રો પાસેથી હતી. એ આશા વાંઝણી ઠરી છે. વારંવાર ગુહાર લગાવ્યા છતાં નથી નાટોએ યુક્રેન માટે સેના મોકલાવી કે નથી યુરોપના દેશોએ રશિયા માટે એની એરસ્પેસ બંધ કરી. રશિયાની સ્થળ સેનાની ભારે ખુવારી થઈ છે. પુતિનને એનો કોઈ અફસોસ જ ન હોય. એમને તો કોઈ પણ ભોગે યુક્રેન ‘નાટો’નું સદસ્ય ન બની જાય અને અમેરિકાનો અડ્ડો ન બની રહે - એની ફિકર છે. હવે જયારે ખુદ યુક્રેનને આ નાટો અને અમેરિકાની દોસ્તી મોંઘી પડી હોવાનો અહેસાસ થયો છે ત્યારે એણે પોતાના એક સમયના સોવિયેત સંઘના સાથી રાષ્ટ્ર અને શક્તિશાળી પાડોશી દેશ સાથે સમાધાન પૂર્વક જીવવાની ફોર્મ્યુલા જ શોધવી પડશે. પુતિન યાવચ્ચંદ્ર દિવાકરૌ રાજ કરવાના નથી; પરંતુ રશિયાનું રાષ્ટ્રીય સ્વાભિમાન અને અમેરિકા - યુરોપીય દેશોએ એને ખંડિત કરી મહાસત્તા તરીકે કરેલું અપમાન તો ભવિષ્યની પ્રજા તથા નેતાગીરીને પણ યાદ રહેવામાં જ છે. બહેતર છે કે પાડોશી રાષ્ટ્રો આ કડવી વાસ્તવિકતા સમજી સંપથી રહેવાનું શીખે. આ જ શીખ ચીન, ભારત અને પાકિસ્તાને પણ આત્મસાત્ કરવાની જરૂર છે.

# એ પણ સમાજ અને સાહિત્યની સેવા લેખાશે!




‘નવોદિત લેખકે લખતા પૂર્વે શું લખવું તેના કરતા, શું ન લખવું જોઈએ..તેનો વિગતે વિચાર કરતો થયા તે ખૂબ જરૂરી અથવા અનિવાર્ય શરત છે. ઘણું લખવું સહેલું હોય છે પણ ન લખવું એટલુ જ અઘરું હોય છે.’ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા યોજાયેલી ત્રિદિવસીય શિબિરમાં સંયોજક અને વક્તા તરીકે આવું કહી,શરૂઆત કરી હતી.પછી સોશ્યલ મીડિયાનો ઉલ્લેખ કરી કહ્યું હતું : ‘આજે સોશ્યલ મીડિયામાં ફેસબુક, વ્હોટ્સ એપ...વગેરે પર પુષ્કળ પ્રમાણમાં પોસ્ટ મુકવામાં આવે છે. આ રીતે નવોદિત કવિ-લેખકને પ્લેટફોર્મ સાથે પ્રોત્સાહન મળે છે.જે આવકારદાયક બાબત છે.પરંતુ કોઈ કૃતિને પોસ્ટ કરો ને સાવ નજીવી ક્ષણોમાં ફટાફટ એક કરતા અનેક ‘લાઈકસ’ મળી જાય છે... આને શું સમજવું ? કૃતિ વાંચવામાં પણ બે-ચાર મિનિટતો સ્વાભાવિક જાય.પણ માત્ર નામ જોઈ ‘લાઈકસ’ આપવી તે સાહિત્ય પદાર્થ અને સર્જક માટે ઘાતક છે. વાંચ્યા, સમજ્યા વગરની પ્રશંસા કે ખોટી સ્વીકૃતિ એક સમયે પોસ્ટ મૂકનાર કવિ-લેખકને ચણાના ઝાડ પર ચઢાવી દે છે.તેના પગ જમીન પર ટકતા નથી...અને ખોટા વહેમમાં તેનો વિકાસ અટકી ને છટકી જાય છે.એક નવોદિત તરીકે આ બાબત બરાબર સમજાવી જોઈએ.’આટલું કહ્યા પછી આગળ એક ઉદાહરણ આપતા જણાવ્યું હતું :‘એક નવોદિત મળવા આવ્યા તે પૂર્વે મને થોડું સાહિત્ય મોકલી આપ્યું હતું. મેં વાંચ્યું હતું. તેથી પૂછ્યું હતું : બોલ સારું કહું કે સાચું ? સહેજ થોથરાઈને કહે : સાચું કહો...પણ કહ્યા પછી તેનું મોં પડી ગયું હતું. અને લૂલો બચાવ કર્યો હતોઃસર ! મને કેટકેટલી લાઈકસ મળે છે...પછી તો પ્રોત્સાહનના બે શબ્દો કહી તેને રવાના કર્યો.પણ આ યુગ કોન્ટીટીનો નહી,ક્વોલીટી છે.કેટલી‘લાઈકસઙ્ગ મળી એ અગત્યનું નથી પણ કોની ‘લાઈકસઙ્ગ મળી તે અગત્યનું છે.લખેલું છપાઈ જાય એટલે સર્જક હોવાનો ખ્યાલ ખોટો છે. ઘણાં ન્યુઝ પેપરને પાનાં ભરવા મેટરની જરૂર હોય છે,તમે એ ખાલી જગ્યા પૂરનારા અથવા તેની જરૂરિ યાત સંતોષનારા તો નથી ને ? કૃતિ છપાવતા પૂર્વે આ પણ લેખકે જાણવા, સમજવા જેવું છે.

સર્જન એ ક્રિએટીવ ચેલન્જ, સર્જનાત્મક પડકાર છે. સર્જકે પહેલા ઓગળી ને પછી એકાકાર થવાનું હોય છે. તેમાં વાર્તાકારે તો બારીમાંથી જગત જોઈ, જગતને વાર્તામાં પ્રતિબિંબિત કરવાનું હોય છે. કોઈ વિવેચકે કહ્યું છે, વાર્તાકારે જીવનના ખંડમાં અખંડ જીવનના દર્શન કરાવવાના હોય છે. પણ ગુજરાતી ટૂંકી વાર્તા એ પાણીને પડીકે બાંધવા જેવી કપરી કળા છે.વળી વાર્તા રૂપસુંદરી જેવી છે, તે દરેક સામે સ્મિત કરે પણ દિલતો કોઈ એક ને જ આપે ! પ્રશ્ન ત્યાં પેદા થાય, સ્મિત ઝીલનારો વહેમમાં રહી જાય, વાર્તાએ મને કોઠું આપ્યું છે,મને પ્રેમ કર્યો છે ! પણ એ સાચું નથી.કોઈ નવોદિતે કવિતા-વાર્તાનું સર્જન કરતા પૂર્વે ઓછા માં ઓછી સો કૃતિઓનું વાંચન કરવું જોઈએ. અને સતત વાંચન કરતા રહેવું તે નીવડેલા સર્જકોને પણ એટલું જ લાગુ પડે છે, વસૂકી ગયેલી ગાય દૂધ આપી શકે નહીં. સર્જકે સતત સભર થતા રહેવું પડે.

આ શિબિરમાં પચાસ ઉપરાંત શિબિરાર્થીઓ હતાં.વરસોના અનુભવમાં આ શિબિર સારી રહ્યાનો ઉલ્લેખ કરવો પડે એવું છે.યુવાન,ઉત્સાહી અને સૂઝ-સમજવાળા મહામાત્રશ્રીએ ટેકનોલોજીનો ઉપયોગ દ્વારા શિબિરને ફેસબુક પર લાઈવ કરી હતી.જેથી અનેક રસિકો ઘરે બેઠાં લાભ લઈ શક્યાં હતાં.જે પ્રતિભાવોથી જાણી શકાતું હતું. ટેકનોલોજીની આ કમાલ છે અને બીજી બાજુ એટલી જ ધમાલ પણ છે !

સર્જક હોવું એ આ જીવન અને જગતની મોટી ઉપલબ્ધિ છે. લખો,મનમાં જે ઊગે તે લખો...લખી શકાય.પણ લખતા પૂર્વે ઘણુંબધું વાંચો, વિચારો ને સમજો.નહિતર ન લખવું એ પણ સમાજ અને સાહિત્યની સેવા લેખાશે !

**છેલ્લે :**

સર્જકના શબ્દોનું હૃદયને સ્પર્શી જવું એ પણ સ્પર્શની એક પરાકાષ્ઠા છે !

### દિન મહિમા

● રાષ્ટ્રીય દંત ચિકિત્સક દિવસ - દંત ચિકિત્સકો અને તેમના કાર્યની ઉજવણી કરવા માટે રાષ્ટ્રીય દંત ચિકિત્સક દિવસ ઉજવવામાં આવે છે.

### આજનું ઔષધ

● હરડે અને સુંઠ સરખા ભાગે પાણીમાં લસોટી નવશેકા ગરમ પાણીમાં સવારે ને રાત્રે લેવાથી દમ-શ્વાસ અને કફના રોગો મટે છે.

### ખડખડાટ

● કાચની પ્લેટ તૂટ્યા પછી પણ ઘરમાં જો બિલકુલ શાંતિ હોય તો સમજવું કે પ્લેટ પત્નીથી તૂટી છે અને વાંક પ્લેટનો જ હતો.

### આજનો વોટ્સએપ

● ગુસ્સો માણસને મામૂલી બનાવે છે મદદ માણસને મોટો બનાવે છે. જયારે ક્ષમા માણસને મહાન બનાવે છે.

# પક્ષીઓની વાચાહીન સંવેદનાની સર્જક : ક્રિનલ જાની




પ્રેમ, લાગણી ને સંવેદના ઈશ્વરે માત્ર માનવીઓને જ નથી આપ્યાં. પશુ પક્ષીઓની વચ્ચે પણ આ ભાવનાત્મક સંબંધોના તાણાવાણા ગૂંથાયેલા હોય છે. આ પશુ પક્ષીઓની પણ એક અલગ જ દુનિયા છે જેના વિશે આપણે મોટેભાગે અજ્ઞાત હોઈએ છીએ, આ પશુજીવન, પક્ષીજીવન અને માનવજીવનના જુદા જુદા નીતિ નિયમો અને પ્રાકૃતિક સિદ્ધાંતો છે. આમ છતાંય પક્ષીઓ અને હિંસક જંગલી પશુઓ પણ હવે તો માનવજીવન સાથે ભળી ગયા છે. સૌ એકબીજાને સમજીને ઉપયોગી થઈ રહ્યા છે. એકબીજાને પુરક બની રહ્યા છે. પ્રકૃત્તિ એ માનવજીવનનો એક ખૂબ જ મહત્વનો ભાગ છે. પ્રકૃત્તિને કારણે માનવજીવનનું અસ્તિત્વ પૃથ્વી ઉપર છે. આ પ્રકૃત્તિએ જ સમગ્ર જીવસૃષ્ટિનું નિર્માણ કર્યું છે. જેમાં માનવજાત પણ આવી જાય છે.

પક્ષીઓ એ પ્રકૃતિના પ્રણયમંત્રો છે. એ જ્યારે ગૂંજે છે ત્યારે સમગ્ર પ્રકૃતિ અને માનવજાતમાં એક નવી ચેતના જાગે છે. નવી ઊર્જા પ્રગટે છે. પક્ષીઓના સૌન્દર્યના અવનવા રંગો અને સંગીતમય સ્વરોની એક અદભુત અને અલૌકિક દુનિયા છે. આ દુનિયાને પામવી કે પ્રમાણવી એટલે સીધા ઈશ્વર સાથે સંપર્કમાં આવવા જેવી અનુભૂતિ છે. અને પક્ષીઓની આ દુનિયાની વચ્ચે પોતાનું આખુ જીવન સમર્પિત કરીને જીવતી એક યુવતી ગાંધીનગરમાં રહે છે જેનું નામ આજે વાઈલ લાઈફ ફોટોગ્રાફીની દુનિયામાં ખુબ જ જાણીતું છે.

શ્રી ક્રિનલ જાની ગુજરાત સરકારમાં નાયબ સેકશન અધિકારી તરીકે ફરજ બજાવે છે. વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફીમાં આજે દેશભરમાં આ નામ જાણીતું બન્યું છે. ક્રિનલ જાની જ્યારે આઠ વર્ષની હતી ત્યારે પોતાના ઘરની ગેલેરીમાંથી આસોપાલવના પાંદડાઓ વચ્ચે કંઈક પ્રવૃત્તિ કરતા ચકલી જેવા એક પક્ષી દરજીડાને જોયો. જે ત્યા માળો બનાવતો હતું. આ દશ્ય જોઈને એના બાળસહજ મનમાં અનેક કૂતુહલોનો ઉદભવ થયો. પપ્પાએ બાળકી ક્રિનલને ‘‘પક્ષીમેળો’’ પુસ્તક લાવી આપ્યું. અને બસ ત્યારથી આરંભાય છે આ ક્રિનલના બાળમાનસમાં પક્ષીઓની દુનિયાના અવનવા રંગો અને રહસ્યો ઉકેલવાની મથામણ. અને આ મથામણ ક્રિનલને લઈ જાય છે છેક દુનિયાના અવનવા, અદભુત અને અલૌકિક પક્ષીજગતની ઊંચી ઉડાનયાત્રાએ. પોતે બી.કૉમ કરીને સી.એ.ની તૈયારી કરતાં કરતાં સરકારી નોકરીની પરીક્ષા પાસ કરી અને નોકરી સ્વીકારીને જીવનને સ્થિરતા આપી દીધી.

પક્ષીઓની ફોટોગ્રાફી કરવા માટે ક્રિનલે પ્રોફેશનલ કેમેરો વસાવ્યો અને પછી શરું થયો દેશભરમાં સપનાની પાંખે પક્ષીપ્રવાસ. ક્રિનલે પોતાની આ યાત્રામાં પોતાના કેટલાક મૌલિક નિરીક્ષણો પણ તારવ્યા છે કે જે વિસ્તારમાં પક્ષીઓનો શિકાર વધુ થતો હોય તે વિસ્તારના પક્ષીઓ શરમાળ વધુ હોય છે. તો વળી જંગલના પક્ષીઓ કલરફૂલ વધારે હોય છે કેમ કે જંગલના વૃક્ષોની લીલોતરી અને પક્ષીઓના રંગો એકબીજામાં મેચ થઈ જતા પક્ષીઓને શિકારીઓથી રક્ષણ મળે છે. જ્યારે આપણી તરફના પક્ષીઓ કલરફૂલ નથી. કેમ કે અહીં આપણો વિસ્તાર સૂક્કો છે. ધરતીનું સૂક્કાપણું પક્ષીઓમાં જન્મ પછી વિસ્તરતા રંગોમાં પણ અસરકર્તા બને છે. તો હિમાલયના જંગલોના પક્ષીઓ મેલોડિઝ ગીતો વધુ ગાય છે. ખાસ કરીને ‘‘હિમાલિયન ‘‘કસ્તુરા’’ પક્ષી જેને હિમાલિયન વ્હીસલીંગ થ્રશ પણ કહે છે. જે સીટી વગાડીને ગીતો ગાય છે. આવી રીતે ક્રિનલ જાનીએ પક્ષીઓની પક્ષીયતા અને પક્ષીયાત્રાના અનેક અનુભવો મેળવીને, સમજીને પક્ષીઓની સાથે પ્રકૃત્તિને પણ પોતાના કેમેરામાં કંડારી છે. ફોટોગ્રાફીનો શોખ આજકાલ સૌ કોઈને હોય છે પણ પક્ષીઓની ફૉટોગ્રાફીનો શોખ રાખવો એ દરેક રીતે પડકારરૂપ બને છે. કેમ કે પક્ષીઓની ચંચળતા, એમનો ડર અને માનવ પ્રત્યેના અવિશ્વાસને કારણે તેઓ જલદીથી ફૉટોમાં આવતા નથી. આ કાર્ય માટે ખૂબ જ ધૈર્ય અને સાહસની જરૂર પડે છે. ‘‘ભારતમાં વાઈલ્ડ લાઈફ ફૉટોગ્રાફીમાં મહિલાઓને કેવા પડકારોનો સામનો કરવો પડે છે ?’’ એવા એક પ્રશ્નનો જવાબ આપતા ક્રિનલે જણાવ્યું કે આ માટે સૉલો ટ્રાવેલિંગ કરવું પડે છે. ક્યા વિસ્તારમાં કોણ કેવું છે તેની ખબર હોય નહીં અને જંગલમાં એકલા અંદર જતા રહીએ તો ઘણીવાર બહાર નીકળતા ઘણી મુશ્કેલી વેઠવી પડે છે. જો કે મારા આવા પક્ષીપ્રવાસમાં મને બહારથી ગૂંડા જેવા દેખાતા લોકોએ મને મદદ કરીને પોતાની અંદર રહેલી માનવતાના દર્શન કરાવ્યા છે. ‘‘ બીજા એક સવાલ ‘‘ ક્યારેય જીવનમાં એવી ક્ષણ આવી છે કે આ બધુ મૂકી દઉં ‘‘ એના જવાબમાં ‘‘એ ક્ષણે જ હું પક્ષીઓને જોવા જતી રહેતી હોઉં છું, કેમ કે મારી માટે માનવની દુનિયા કરતા પક્ષીઓની દુનિયા વધુ પ્રામાણિક અને પ્રેમપાત્ર છે ‘‘

ક્રિનલ જાનીની આ વાઈલ્ડ ફૉટોગ્રાફીની એક ખાસિયત એ છે કે તે ક્યારેય પોતાના કેમેરા દ્વારા લીધેલી તસવીર ઉપર પોતાની બ્રાન્ડ કે નામ કે ઓળખ આપવાનું પસંદ નથી કરતી. કેમ કે તેમનું માનવું છે કે જો પ્રકૃત્તિ મને ફ્રીમાં ફોટો ખેંચવા દેતી હોય તો મારે પણ એ ફોટો કોઈપણ જાતની ઓળખ વિના સૌને ફ્રીમાં જ વહેંચવો જોઈએ. આને કારણે ક્રિનલના અનેક ફૉટો રાજ્ય બહારની અન્ય સંસ્થાઓ દ્વારા નામ વિના પ્રચાર કાર્યમાં લેવાયા છે. પરંતુ કોઈપણ જાતના અફસોસ વિના ક્રિનલ કહે છે લોકો મારા ફૉટા ચોરી શકશે મારું વિઝન તો નહીં ચોરી શકે ને ? આજસુધી કૂલ એકહજાર બસોથી વધુ અવનવા પક્ષીઓની પ્રજાતિ ભારતમાં છે. એમાંથી ક્રિનલે સાતસોથી વધારે પક્ષીઓને પોતાના કેમેરામાં કંડારી લીધા છે અને હજીયે બાકીના પાંચ સો પક્ષીઓને પોતાના કેમેરામાં કંડારવાનું એક સપનું રાખે છે. વિશ્વમાં કૂલ સાતેક હજારથી વધુ પક્ષીઓની પ્રજાતિ છે.

જેવી રીતે યુદ્ધો થતા કે પ્રાકૃત્તિક આપદા આવતા કે દુનિયા બદલાતા માનવ માઈગ્રેશન કરે છે તેવી રીતે પક્ષીઓ પણ ઋતુ પ્રમાણે માઈગ્રેશન કરતા હોય છે. ક્રિનલે જણાવ્યું કે હિમાલયની ઠંડીમાં રહેતા ‘‘નવરંગ’’ પક્ષીઓ દર વર્ષે ૨૫/૨૬ જૂને ગુજરાતમાં રાજકોટ – જસદણની વચ્ચે આવેલ હિંગોળગઢમાં અચૂક આવે છે. અને અહીં બે મહિના રોકાઈને પછી ફરીથી હિમાલય જતા રહે છે. તો વળી બીજા દેશોમાંથી દર વર્ષે થોળ અને નળ સરોવરમાં પણ હજારો પક્ષીઓ આવે છે.

ક્રિનલ જાનીએ પક્ષીઓની ફૉટોગ્રાફી માટે ગુજરાત ઉપરાંત રાજસ્થાન, દિલ્હી, હરિયાણા, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, કશ્મીર, અરૂણાચલ પ્રદેશ, આસામ, પ.બંગાળ, મહારાષ્ટ્ર, તમિલનાડું, કર્ણાટક, કેરલ, મધ્યપ્રદેશ, આન્ધ્ર પ્રદેશ, પંજાબ વગેરે તમામ રાજ્યોનો પ્રવાસ ખેડ્યો છે. માતાપિતાના ભરપુર પ્રોત્સાહનને કારણે ક્રિનલને પુરી સ્વતંત્રતા મળી અને વિના પાંખે પક્ષીજગતના આખા આકાશને પામી લેવાનું સદભાગ્ય મળ્યું. આ બધી પડકારજનક પ્રવૃત્તિઓને કારણે ક્રિનલને ગૃહશોભા મેગેઝિને ‘‘ગોલ્ડન ગર્લ્સ વિશેષાંક’’માં સ્થાન આપીને એમના સાહસને પોખ્યું છે. તો વળી વર્ષ ૨૦૧૯માં ગુજરાત કલા પ્રતિષ્ઠાન અને ગુજરાત લલિતકલા અકાદમી દ્વારા ફૉટોગ્રાફી માટે ‘‘ગુજરાત કલારત્ન

અનુસંધાન પાના નં. ૭ પર

# યુદ્ધસ્ય કથા રમ્યા..!!!




તમે આ લેખ વાંચતાં હશો ત્યારે જો રશિયા અને યુક્રેન વચ્ચે શરૂ થતી અને અનિર્ણિત રહેતી મંત્રણાઓ વચ્ચે કોઈ સમાધાન નહીં નીકળ્યું હશે તો બન્ને વચ્ચેનું આ યુદ્ધ અગીયારમાં દિવસમાં પ્રવેશી ચૂક્યું હશે. આમ તો આ યુદ્ધ એકતરફી જ કહી શકાય કેમકે રશિયાની ગંજાવર સૈન્ય તાકાત સામે યુક્રેનનું સૈન્યબળ તો વામણું જ કહેવાય. ‘ કીડી ઉપર કટક’ જેવા આ યુધ્ધમાં અત્યાર સુધીની નોંધપાત્ર વાત એ છે કે યુક્રેનનું સૈન્ય અને યુક્રેનના લોકો રશિયાને હંફાવી રહ્યા છે, પણ સાથે સાથે એ પણ નોંધવું રહ્યું કે યુક્રેન રશિયાને વધુ સમય હંફાવી નહીં જ શકે. યુરોપિયન યુનિયન, ઈંગ્લેન્ડ અને ખાસ તો જગત જમાદાર અમેરિકાની કોઈ જ પ્રકારના પ્રત્યક્ષ મદદ વગર લડતું યુક્રેન ઓલમોસ્ટ તબાહ થવાના આરે આવી પહોંચ્યું છે. ભલે રિપોર્ટ્સ એમ કહેતા હોય કે રશિયાને ખૂબ મોટું આર્થિક નુકશાન થઈ રહ્યું છે એમ છતાં પણ જ્યારે પણ આ યુદ્ધ પૂરું થશે કે એમાં યુદ્ધવિરામ આવશે એ પછીના સમયમાં રશિયા કરતાં વધુ નુકશાન તો યુક્રેનને જ થવાનું છે.

યુદ્ધ ક્યારેય કોઈનું ભલું નથી કરતું એ હકીકત હોવા છતાં પણ દુનિયામાં ભૂતકાળમાં ઘણા યુધ્ધો લડાયા છે અને ભવિષ્યમાં પણ લડાશે. પુતિને યુક્રેન પર હુમલો કેમ કર્યો એની ચર્ચાઓ છેલ્લા દસેક દિવસોથી થાય છે અને બધા એના કારણોથી વિદિત છે એટલે એમાં વધુ ઊંડા ઉતર્યા વગર આ યુદ્ધ ઘણા પ્રશ્નાર્થો અને ઘણા વિચારો છોડી જવાનું એના પર નજર કરવા જેવી છે. સૌથી પ્રથમ તો જેના જોરે અને જેના ચડાવ્યા યુક્રેન રશિયા સામે આંખો કાઢતું હતું એ યુરોપિયન યુનિયન કે અમેરિકા અને ઈંગ્લેન્ડના સ્પોર્ટવાળી નાટોની સેના આ કોઈમાંથી કોઈપણ યુક્રેનના કોઈ જ મદદમાં આવ્યા નથી. અમેરિકા અને બીજા દેશોએ રશિયા પર આર્થિક અને બીજા પ્રતિબંધો જરૂરથી લગાવ્યા છે પણ ખુદ અમેરિકા જ કહે છે એમ આવા પ્રતિબંધોથી રાશિયાનું રૂવાડું પણ ફરકવાનું નથી જ. અને એનું કારણ એ છે કે રશિયા કાંઈ અફઘાનિસ્તાન કે વિયેતનામ કે ઈરાક થોડું છે..!!! મજાની વાત એ છે કે માનવસંહાર અને માનવીય મૂલ્યોના હનનની દુહાઈ આપતું અમેરિકા કે ઈંગ્લેન્ડ ખુદ ભૂતકાળમાં ઘણા દેશોમાં આવા જ કારનામાં કરી ચૂક્યું છે અને લગભગ બધા જ દેશોમાંથી ભૂંડા હાલે પરત ફરી ચૂક્યું છે.

ખેર વિશ્વયુધ્ધની આશા રાખીને વંડી ઉપર બેઠેલા અમુક દેશો કે લોકોને એટલું જ કહેવાનું કે છેલ્લા વિશ્વયુધ્ધ પછીથી દુનિયા ઘણી બદલાઈ ચૂકી છે અને દેશોની સૈન્ય અને બીજી શક્તિઓ પણ વધી છે ઉપરાંત ઘણા દેશો હવે એટોમીક તાકાતથી સમૃધ્ધ પણ થાય છે એવામાં ફૂલ ફલેડજડ વિશ્વયુધ્ધ છેડાઈ જાય એવું શક્ય જ નથી કેમ કે લોહી તો બન્ને બાજુ વહેવાનું ને અને આજના જમાનામાં કોઈ દેશને આખોને આખો ઓહિયા કરી જવો શક્ય નથી જ કે એના નાગરિકોની ઈચ્છા વિરુધ્ધ એના પર રાજ કરવું પણ શક્ય નથી જ અને એટલે જ રશિયાના યુક્રેન પરના આક્રમણને પણ જો જીણી નજરે જુઓ તો સમજાય જશે કે રશિયા આટલું શક્તિશાળી હોવા છતાં પણ આજે એક સપ્તાહ પછી પણ યુક્રેનને કોળિયો કરી જવાને બદલે માત્ર એના સૈન્ય ઠેકાણાઓ પર જ એટેક કરી રહ્યું છે. હા, યુદ્ધ છે તો સ્વાભાવિક છે કે સૂકા ભેગું લીલું બળે એમ નાગરિક વસાહતો પણ આની ઝપેટમાં આવી છે પણ ઓવરઓલ રશિયાની મનશા યુક્રેનને લશ્કરી દ્રષ્ટિએ પાંગળું કરી દેવાની હોય એમ વધુ લાગે છે અને વધુમાં વધુ પોતાના કોઈ પાલતુને યુક્રેનના રાષ્ટ્રપતિ બનાવવાની અને આનું કારણ પણ એ જ છે કે જેના પાપે આ યુદ્ધ શરૂ થયું છે. જી હા નાટો માં ભળવા માંગતા યુક્રેન પાસે જો પોતાની સૈન્ય કે લશ્કરી તાકાત જ ના હોય તો રશિયાને યુક્રેનના નાટોમાં ભળતા નાટોની સેનાની (અહી અમેરિકા અને ઈંગ્લેન્ડની સેના –એમ વાંચવુ) બીક ઓછી લાગે. ઘણા ગલ્લાછાપ રાજકીય વિશ્લેષકોને એમ લાગે છે કે આમાં ભારત બરાબરનું ફસાયું છે તો આવા લોકોની જાણ ખાતર કે ભારત આઝાદ થયું ઓલમોસ્ટ ત્યારથી રશિયા આપણું મિત્ર છે અને ખાલી મિત્ર જ નહીં પણ યુનોમાં કાશ્મીર સમસ્યા અંગે હોય કે બાંગ્લાદેશ યુદ્ધ હોય લગભગ બધે જ આપણને ટેકો આપેલો છે અને એનાથી પણ વિશેષ કે ભારતની ઓલમોસ્ટ ૭૦% જેવી લશ્કરી સામગ્રી રશિયન છે. હવે સ્વાભાવિક છે કે દોસ્તની મદદ તો કરવી જ પડે. અને આમ જોવા જાવ તો અમેરિકા હોય કે રશિયા.. યુરોપ હોય કે બીજા કોઈ દેશ, આ બધાની જેટલી ભારતને જરૂર છે એટલી જ આ દેશોને ભારતની પણ જરૂર છે . એ જમાનો વીતી ગયો છે કે જયારે ભારત બીજા દેશો સામે ઝોળી ફેલાવતું રહેતું હતું. આજનું ભારત મક્કમ રીતે દુનિયાના દેશો વચ્ચે પોતાનું સ્થાન બનાવી ચૂક્યું છે. ભારત કોઈનું બગલબચ્ચું રહ્યું નથી અને એટલે જ રશિયા-યુક્રેન મામલે કોઈ દેશ ભારતને ફેવર કરવા માટે દબાણ નથી કરી રહ્યા, ઈવન બાઈડને પણ ભારતના સ્ટેન્ડ અંગે પૂછેલા એક સવાલના જવાબમાં એવું કહેલું કે હજુ અમે ભારત સાથે આ બાબતે વાત નથી કરી. સો જગતના બીજા ઘણા દેશોની માફક ભારતનું ન્યૂટ્રલ સ્ટેન્ડ બરાબર છે અને એ એટલા માટે બરાબર છે કે હજુ સુધી કોઈએ ભારતના આ સ્ટેન્ડનો ખૂલીને વિરોધ નથી કર્યો. સી, યુરોપ અમેરિકા કે ઈંગ્લેન્ડને તો યુક્રેન તરફી સ્ટેન્ડ લેવું જ પડે એટલે જરૂરી નથી કે ભારતે પણ લેવું અને આમ પણ પાકિસ્તાન સાથેની દરેક તકરાર વખતે અમેરિકા એમ કહીને છટકી જતું કે પાકિસ્તાન અમારું સ્ટ્રેટેજિકલ મિત્ર છે, તો અહિયાં તો રશિયા આપણું લાંબા સમયનું મિત્ર છે. ઈવન યુક્રેને પણ કહેવું પડેલું કે ભારતનો અવાજ આ મુદ્દાના ઉકેલ માટે મહત્વનો છે, મોદી પુતિન સાથે વાત કરે તો કઈક હલ નીકળે એવો આશાવાદ પણ યુક્રેને જ વ્યક્ત કરેલો અને ભારતે વાત પણ કરેલી.

રશિયા-યુક્રેનની આ ટકરાવમાં ભારત નહીં પણ અમેરિકા, ઈંગ્લેન્ડ અને યુરોપિયન દેશો બરાબરના ફસાયા છે. જગત જમાદાર અમેરિકા હાકલા-પડકારા કરવા સીવાય કશું જ કરી શકે એમ નથી. રશિયાની સામે બાથ ભીડવા ડરતા અમેરિકા-ઈંગ્લેન્ડ અને યુરોપના દેશો ‘‘ યુક્રેન નાટો નું સભ્ય નથી એટલે અમે લડાઈ ના કરી શકીએ ‘‘ એવા બહાના બતાવી પ્રતિબંધ-પ્રતિબંધની રમતો રમતું જાય છે. ઈરાક, વિયેતનામ જેવા દેશોમાં અને અફઘાનિસ્તાનમાં વોર ઓન ટેરર ના નામે વગર આમંત્રણે વર્ષો સુધી પડ્યું પાથર્યું રહેનાર અમેરિકા અને એના મિત્ર દેશો અહી રશિયા સામે વોર ડિકલેર કરતાં ગભરાઈ ગયા છે. આ દેશોના જોરે તો બિચારા યુક્રેને રશિયા સામે લલકાર ભરેલી પણ હવે તો એને પણ ભાન થઈ ગયું છે કે આવા દેશોની આશા રાખ્યા વગર મુસબીતનો મુકાબલો જાતે જ કરવો પડે. પણ એટલું તો કહેવું જ પડશે કે યુક્રેન રશિયાને બરાબર ફાઈટ આપી રહ્યું છે. યુક્રેનના લોકો રશિયન લશ્કરને વ્યાપક નુકશાન પહોંચાડી ચૂક્યા છે અને એ ઉપરાંત રશિયાને બહુ ઝડપથી મંત્રણા ટેબલ પર લાવવામાં સફળ રહ્યા છે એ એમની સિધ્ધી ગણી શકાય. યુક્રેનને ખબર પડી ગઈ કે કોઈ સાથ નથી આપવાનું એ પછીથી એમનું આક્રમક વલણ આ જંગનું યાદગાર પાસું ગણાશે. અમેરિકા અને બીજા દેશો ભલે જંગમાં ઉતર્યા ના હોય પણ રશિયા પર લાગુ કરવામાં આવેલા વિવિધ પ્રતિબંધો જો આ જંગ વધુ ચાલે તો રશિયાને આર્થિક રીતે તબાહ કરી નાંખશે એમાં કોઈ બેમત નથી અને આ આર્થિક પાયમાલી કરતાં એક દેશની દ્રષ્ટિએ યુક્રેન કાટમાળમાં ફેરવાઈ જશે એ પણ નક્કી છે. લાગે છે કે જ્યાં સુધી યુક્રેનનું લશ્કર અને સામગ્રી સાફ નહીં થાય ત્યાં સુધી અથવા તો યુક્રેન રાશિયાનું આધિપત્ય સ્વીકારે ત્યાં સુધી આ ચાલુ રહેવાનું. જો કે બીજી શક્યતાનો ખુદ યુક્રેન છેદ ઉડાવી ચૂકેલ છે. અમેરિકાને રશિયા સામે જૂનો હિસાબ સરભર કરવો છે એ સીવાય યૂરોપમાં પોતાનો વાવટો ફરકતો રાખવો છે પણ આમ કરવા જતાં એને એ વાતની પણ બીક છે કે કાલ સવારે ચીન આ જ રીતે તાઈવાન ને અને ભારત પીઓકે ને કોળિયો કરી જવા માટે જંગ કરે તો ? બાબા વેંગા કે નૉસત્રાંદમની આગાહીઓ એકબાજુ મૂકીને વિચારો કે અત્યાર સુધી પ્રમાણમાં શાંત રહેલો આ જંગ જો અણુ યુધ્ધમાં ફેરવાઈ જાય તો ?? યુધ્ધમાં યુદ્ધ લડાવનાર નહીં પણ યુદ્ધનો ભોગ બનનાર નાગરિકોને જ નુકશાન થાય છે, મોત આવે છે, અપંગ થાય છે, બરબાદ થાય છે, આપણે ઈચ્છીએ કે આનો પણ જલદી અંત આવે.